## ડાયરેક્ટ ❤ સે

શબ્દોનું મહત્ત્વ
એના ઈશારામાં હોય છે
બાકી પાણી તો
દરિયામાં
મબલખ હોય છે
પણ કોઈ પીતું નથી

## શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજનો વિજયાદશમી મહોત્સવ ૩૦મીએ

ગાંધીનગર, તા. ૧૧

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગર દ્વારા ૩૦મો વિજયાદશમી મહોત્સવ આગામી તા. ૩૦ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો છે. આ માટેની આમંત્રણ પત્રિકાઓ સૅક્ટર પ્રતિનિધિ દ્વારા સભ્યોને પહોંચાડવામાં આવી રહી છે. આ કાર્યક્રમ અંતર્ગત સરસ્વતી સન્માન કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું છે. સભ્ય પરિવારજનોને પોતાનાં બાળકોની માર્કશીટ નિયત ફોર્મ સહિત આગામી તા. ૧૫ સપ્ટેમ્બર પહેલાં સમાજના સૅક્ટર-૧૭ ખાતે સ્થિત કાર્યાલય ખાતે પહોંચાડવા કાર્યાલય મંત્રી જશવંતસિંહ ગોહિલ દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ખેલ મહાકુંભની ટૅબલ ટૅનિસ સ્પર્ધામાં નગરનાં વડિલનું શ્રેષ્ઠ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૧૧

નિવૃત્ત કોમર્શિયલ ટૅક્સ ઑફિસર કે યુ ટાપરિયાએ ખેલ મહાકુંભ-૨૦૧૭ અંતર્ગત ટૅબલ ટૅનિસની સ્પર્ધામાં ૬૦ વર્ષથી વધુ વયના ખેલાડીઓના વિભાગમાં જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેઓ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે. ખેલપ્રેમીઓ તરફથી તેમનો અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

### કેએસવી સંચાલિત

## પત્રકારત્વ વિભાગમાં દેશના મીડિયા મહાનુભાવો






કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત પત્રકારત્વ વિભાગમાં વિતેલા દિવસોમાં પ્રવૃત્તિઓ અને વક્તવ્યોનો ધમધમાટ જોવા મળ્યો હતો. માધ્યમ બની હતી દેશના વરિષ્ટ મીડિયા મહાનુભાવોની પત્રકારત્વ વિભાગની મુલાકાત. પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓને નિયમિત અભ્યાસક્રમ સાથે દેશ અને દુનિયામાં ચાલતા પત્રકારત્વના પ્રવાહો વિશે છેલ્લામાં છેલ્લી અને આધારભૂત માહિતી મળી રહે તે માટે વિભાગ દ્વારા પ્રતિ સપ્તાહ એક મીડિયા મહાનુભાવની મુલાકાતનું આયોજન વિચારવામાં આવ્યું છે. આ ક્રમમાં જર્નાલિઝમ યુનિવર્સિટી જયપુરના પ્રૉ. મનોજ લોઢા, કોબ્રા પોસ્ટ, નોઈડાના સ્પે. કોરસ્પોન્ડન્ટ ઉમેશ પાટીલ, સંદેશ દૈનિકના સબ ઍડિટર પ્રશાંત નેમા, ગૂજરાત વિદ્યાપીઠ પત્રકારત્વ વિભાગના ડિરેક્ટર ડૉ. વિનોદ પાંડે, વારાણસી સ્થિત મોટીવેશનલ સ્પીકર રીતુરાજ સિંગ (જેમના નામે મોટીવેશનલ સ્પીકર તરીકે વર્લ્ડ રૅકર્ડ છે), અમદાવાદ મીડિયા સૅલના અગ્રણી દર્શન દેસાઈ, સંદેશ ન્યૂઝના આઉટપુટ આસી. ઍડિટર, મનીષ પુરોહિતે પત્રકારત્વ વિભાગની મુલાકાત લીધી હતી અને વિદ્યાર્થીઓ સાથે સાંપ્રત પ્રવાહો વિશે ખુલીને વાત કરી હતી. વિદ્યાર્થીઓએ પણ ઉત્સુકતાપૂર્વક પ્રશ્નો પૂછીને પોતાની જિજ્ઞાસાને સંતોષવાનો પ્રયાસ કર્યો હતો. સંસ્થાના ચૅરમૅન વલ્લભભાઈ પટેલે મહાનુભાવોને આવકાર્યા હતા અને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓથી તેમને અવગત કરાવ્યા હતા. પત્રકારત્વ વિભાગના અભ્યાસ સંયોજક મીતેષ મોદીએ મહાનુભાવોનો વિગતે પરિચય વિદ્યાર્થીઓને આપ્યો હતો અને અંતે આભારદર્શન પણ કર્યું હતું.

### યામાહા ઈન્ડિયા મૉટર્સ સાથે

## વીપીઍમપી પોલીટૅકનીક દ્વારા યામાહા ટૅકનીકલ ઍકેડેમી સ્થાપવા માટે ઍમઓયુ

ગાંધીનગર, તા. ૧૧

વીપીઍમપી પોલીટૅકનીક, સૅક્ટર-૧૫ અને યામાહા ઈન્ડિયા મૉટર્સ વચ્ચે યામાહા ટૅકનીકલ ઍકેડેમી સ્થાપવા માટે ઍમઓયુ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે યામાહા મૉટર્સ ઈન્ડિયા સૅલ્સ પ્રાઈવેટ લિમિટેડના જનરલ મૅનેજર ઓગોમોરી સૅન, ઝોનલ સર્વિસ મૅનેજર ગિરીશ નાઈક, રિજનલ સર્વિસ મૅનેજર ધવલ ઘોડાસરા, કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડિરેક્ટર ડી ટી કાપડિયા, સંસ્થાના પ્રિન્સિપાલ પ્રૉ. એ જે પટેલ અને સંસ્થાના અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઓગોમોરી સૅને પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે યામાહા ટૅકનીકલ ઍકેડેમી કૉર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલીટીનો એક ભાગ છે અને સમગ્ર દેશમાં ૩૮ સ્થળોએ અને ગુજરાતમાં આ ત્રીજું સૅન્ટર છે. આ ઍકેડેમીમાં લઘુત્તમ ૮ ધોરણ પાસ થયેલા વિદ્યાર્થીઓને એક વર્ષ માટે યામાહા દ્વારા તાલીમ આપવામાં આવશે. ત્યારબાદ યામાહા દ્વારા તેમને રોજગારી પૂરી પાડવાનું પણ આયોજન છે. આ પ્રકારનો કોર્સ ઑટોમોટિવ સ્કીલ્સ ડૅવલપમૅન્ટ કાઉન્સિલ, નવી દિલ્લી દ્વારા માન્યતાપ્રાપ્ત છે. પ્રિન્સિપાલ પ્રૉ. એ જે પટેલે સંસ્થા વતી ખાતરી આપી હતી કે ટૅકનીકલ ઍકેડેમી એક શ્રેષ્ઠ ઍકેડેમી તરીકે નામના પામે તે દિશામાં પ્રયત્નો કરવામાં આવશે.




(૧) ૨૦૧૭માં હોલીવૂડના કયા અભિનેતાને માનદ ઓસ્કાર ઍવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા છે ?
(એ) બ્રાડ પિટ
(બી) ડોનાલ્ડ સદરલેન્ડ
(સી) રૉબર્ટ જુનિયર
(ડી) જિમ કૅરી

(૨) 'ઍન ઑર્ડિનરી લાઈફ : અ મેમૉયર' કયા અભિનેતાની આત્મકથા છે ?
(એ) ઈરફાન ખાન (બી) શાહરૂખ ખાન
(સી) સલમાન ખાન (ડી) નવાજુદ્દીન સિદ્દીકી

(૩) ૨૦૧૭માં વિશ્વના કયા દેશની મદદથી પાકિસ્તાને પાંચમા ન્યુક્લિયર પાવર પ્લાન્ટની શરૂઆત કરી છે ?
(એ) ચીન (બી) અમેરિકા
(સી) ઉત્તર કોરિયા (ડી) અફઘાનિસ્તાન

(૪) બીસીસીઆઈએ ખેલાડીઓ માટે પ્રથમવાર હેન્ડબૂક જાહેર કરી છે, તે હેન્ડબૂકનું શિર્ષક શું છે ?
(એ) ૧૦૦ ટુ બી ઓર નોટ ટુ બી
(બી) લિટલ થિંગ્સ ટુ રિમેમ્બર
(સી) ૧૦ થિંગ્સ એવરી પ્રોફેશનલ ક્રિકેટર મસ્ટ ડુ
(ડી) ૧૦૦ થિંગ્સ એવરી પ્રોફેશનલ ક્રિકેટર મસ્ટ નો

(૫) જળ સંકટના નિકાલ માટે કેન્દ્ર સરકારે કયા રાજ્યને રૂા. ૬૦ હજાર કરોડ આપવા સહમતિ દર્શાવી છે ?
(એ) ઉત્તર પ્રદેશ (બી) જમ્મુ-કાશ્મીર
(સી) હરિયાણા (ડી) મહારાષ્ટ્ર

(૬) પીઍનબી અને બીઍસઍનઍલ દ્વારા કયા મોબાઈલ વૉલેટને લૉન્ચ કરવા કરાર કરાયા છે ?
(એ) ગ્રેડ પે (બી) સ્પીડ પે
(સી) ફાસ્ટ પે (ડી) ઉપરમાંથી એક પણ નહીં

(૭) ૨૦૧૭માં યુઍસ ઓપન ટૅનિસ ટુર્નામૅન્ટનો ખિતાબ કયા ખેલાડીએ જીત્યો હતો ?
(એ) રોજર ફેડરર (બી) એન્ડી મરે
(સી) કેવિન એન્ડરસન (ડી) રાફેલ નડાલ

(૮) ડીઆરડીઓ દ્વારા તાજેતરમાં કઈ મિસાઈલનું સફળ પરિક્ષણ કરવામાં આવ્યું છે ?
(એ) તેજસ (બી) નાગ
(સી) પૃથ્વી (ડી) બ્રહ્મોસ

(૯) ડીઆરડીઓ દ્વારા નાગ મિસાઈલ પરિક્ષણ કયા સ્થળેથી કરવામાં આવ્યું હતું ?
(એ) આંધ્રપ્રદેશ (બી) ઓડિશા
(સી) તામિલનાડુ (ડી) રાજસ્થાન

(૧૦) ૨૦૧૭માં નીચે પૈકી કયા બે દેશોએ સંયુક્ત વાયુસેના યુદ્ધ અભ્યાસ શરૂ કર્યો છે ?
(એ) ભારત-નેપાળ (બી) અમેરિકા-પાકિસ્તાન
(સી) ચીન-પાકિસ્તાન (ડી) ભારત-અમેરિકા

## અખિલ ભારતીય પ્રદર્શની બસ અભિયાનને ઉર્જાનગરમાં ઉષ્માભેર આવકાર

ગાંધીનગર, તા.૧૧

બ્રહ્માકુમારીઝ અને તેની ભગિની સંસ્થા રાજયોગા એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનની યુથ વીંગ દ્વારા ભારતના લોકલાડિલા માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સંકલ્પ "મેરા ભારત સ્વર્ણિમ ભારત" થીમ પર ૨૦૧૭ થી ૨૦૨૦ માટે આયોજિત "અખિલ ભારતીય પ્રદર્શની બસ અભિયાન" ૧૦ સપ્ટેમ્બર રવિવારે બ્રહ્માકુમારીઝ, બાબાભવન, ઉર્જાનગર-૧ માં આવતાં સ્વાગત સહ સ્ટેજ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



સ્ટેજ પર ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ ભ્રાતા શંભુજી ઠાકોર, ગુડા ચેરમેન ભ્રાતા આશીષભાઈ દવે, રાજયોગિની કૈલાશદીદી, બી.કે. રંજનબેન અને ભ્રાતા રમેશભાઈ પટેલ (કેપિટલ ઓફસેટ્સ) દ્વારા તમામ અભિયાન યાત્રીઓનું પુષ્પગુચ્છ, આત્મસ્મૃતિ તિલક, અને ફળ અર્પણ કરી સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમની વિધિવત શરૂઆત પરમાત્માની યાદથી કરવામાં આવી હતી. મંચ પરના મહેમાનોનું પુષ્પથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાની બાળા એ પણ ખૂબ જ મનમોહક નૃત્ય રજુ કરી મહેમાનનું સ્વાગત કર્યું હતું. યાત્રિઓ પૈકી બી.કે. વિવેકભાઈ એ અખિલ ભારતીય પ્રદર્શની બસ અભિયાનનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરતાં (૧) હકારાત્મકતા, (૨) સ્વચ્છતા અને (૩) યોગના અભ્યાસ દ્વારા જીવનમાં આધ્યાત્મિક ગુણોના વિકાસ માટે ભારત ના ૬૫% યુવાનોનું આહ્વાન કર્યું હતું જ્યારે બી.કે. કમલબેને યોગથી થનાર પ્રાપ્તિ અંગે અનુભવ યુક્ત વક્તવ્ય રજુ કર્યું હતું. ભ્રાતા શંભુજી ઠાકોરે યાત્રિકોના લક્ષ્યને બિરદાવેલ અને જીવન સકારાત્મક્તાથી શુશોભિત કરવા યુવાનોને આવા અભિયાનના સહભાગી થવા અપીલ કરી હતી. ભ્રાતા આશીષભાઈ દવે પણ ખૂબ જ મનનીય વકવ્ય આપી પોતાની શુભેચ્છા વ્યક્ત કરી હતી. કૈલાશ દીદી એ આશીર્વચન આપેલ. ત્યારબાદ યાત્રિઓ દ્વારા અભિયાનને ઉજાગર કરતાં નારા બોલાવવામાં આવ્યા હતા. જેનું સૌએ પોતાના સ્થાને ઉભા થઈ પુન: ઉચ્ચારણ કર્યું હતું. કાર્યક્રમની પુર્ણાહુતિ રાષ્ટ્રગાનથી કરવામાં આવી હતી. સમાપનમાં બી.કે. લાલજીભાઈ એ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌનો બ્રહ્માકુમારીઝ વતી આભાર વ્યક્ત કર્યો હતો.

## ગાંધીનગર જિલ્લા રેડક્રૉસ દ્વારા વિદ્યાર્થીઓને સ્વાઈન ફ્લૂ સામે રક્ષણ




ગાંધીનગર, તા. ૧૧

ખોડીયાર સ્ટેશન પાસે સાયન્સ ઍક્સપ્રેસ ટ્રેન તાજેતરમાં આવી હતી. એ દરમિયાન રેડક્રૉસ, ગાંધીનગર દ્વારા સ્વાઈન ફ્લુ સામે વિદ્યાર્થીઓને રક્ષણ આપવા માટે એક મોટું, અગત્યનું કાર્ય સંપન્ન કરવામાં આવ્યું હતું.

સાયન્સ ઍક્સપ્રેસની મુલાકાતે ૪૦થી વધુ સ્કૂલ્સના ૬ હજારથી વધુ વિદ્યાર્થીઓ આવ્યા હતા, જેમને ડિસઈન્ફેક્ટ કરવા માટે સ્ટેરીલીયમ સ્પ્રે કરી તેમના હાથ વૉશ કરાવવામાં આવ્યા હતા. આ કારણે બાળકો એકબીજાના ચેપથી મુક્ત રહી શક્યા હતા અને રોગ સામે તેમને રક્ષણ પણ મળી ગયું હતું. રેડક્રૉસ દ્વારા આ ઉપક્રમમાં બે હજારથી વધુ વાલીઓ અને બાળકોને આવરી લેવામાં આવ્યા હતા. સંસ્થાએ બે દિવસ સુધી આ ઉમદા કાર્ય માટે પોતાની સેવાઓ પૂરી પાડી હતી. સંસ્થા તરફથી મિલિન્દભાઈ ગુપ્તે અને યોગેશ બારોટ આ સેવાકાર્યમાં જોડાયા હતા.

# વિશ્વનું સૌથી પહેલું 'વેજ સબ-વે' અને 'વેજ ડોમીનોઝ' ગુજરાતમાં ખુલ્યું હતું : બૉસ આ ગુજરાત છે

આ વર્ષે જુલાઈ અને ઓગસ્ટના બે મહિના ગુજરાતના માટે પીડાકારક રહ્યા. જુલાઈમાં બેસૂમાર પાણીએ ગુજરાતને ઘમરોળ્યું. અને ઓગસ્ટમાં સ્વાઈન ફ્લુએ સપાટો બોલાવ્યો. જુલાઈ એટલે પવિત્ર શ્રાવણ મહિનાનો-શિવસ્તુતિનો મહિનો, ઓગસ્ટ એટલે ભરચક તહેવારોના દિવસો. ભક્તિ, આરાધના અને ઉત્સવોના આનંદમાં મહાલવાના દિવસો. પ...ણ... ગુજરાત ઉપર આવી પડેલી આકસ્મિક આફતો સામે ગુજરાતની જાબાંઝ અને દિલેર જનતા અને નિષ્ઠાવાન સરકારનો ઈમાનદારીપૂર્વકના પરિશ્રમના સમન્વયે રંગ લાવ્યો. સૌથી વધુ ખતરનાક પરિસ્થિતિ બનાસકાંઠા અને પાટણ જિલ્લાઓમાં થઈ. રાજસ્થાનના માઉન્ટ આબુ અને શિરોહી જિલ્લામાં બે દિવસમાં ૬૨ ઈંચ ઉપરાંત વરસાદ પડ્યો. રીતસર આસમાન ફાટ્યું. આબુ બનાસકાંઠાનુ ધાબુ કહેવાય. આબુ અને શિરોહીનું એ બધું જ પાણી આવ્યું બનાસકાંઠામાં. વળી એ દિવસોમાં બનાસકાંઠા અને પાટણમાં પણ સરેરાશ ૨૫-૨૫ ઈંચ વરસાદ પડ્યો. બેસૂમાર પાણીથી બનાસકાંઠા બેહાલ બન્યું.

આખેઆખી સરકાર બનાસકાંઠા જિલ્લાના વડામથક પાટણમાં પાંચ-પાંચ દિવસ આફતગ્રસ્તોની પડખે રહી. બચાવ રાહતની કાબીલે તારીફ કામગીરી કરી. હજારો લોકોને પાણીમાંથી બચાવ્યા. લાખો લોકોને સ્થળાંતરિત કરી ફૂડપેકેટ અને પીવાનું પાણી પહોંચાડ્યું. ગણતરીના દિવસોમાં જ ગંદકી અને કાદવ દૂર કર્યા. ગામેગામે અને શહેરોમાં રોગચાળો ફાટી ન નીકળે તે માટે ડીડીટી અને ગેમેક્ષિનનો છંટકાવ કરવામાં આવ્યો. તબીબી ટુકડીઓએ ઘરેઘરે ફરીને આરોગ્ય વિષયક કામગીરી યુદ્ધના ધોરણે કરી. પ્રધાનમંત્રીશ્રી તાત્કાલિક ગુજરાત દોડી આવ્યા અને પ્રાથમિક તબક્કે ૫૦૦ કરોડ રૂપિયાની બનાસકાંઠા અને પાટણ માટે સહાયની રકમ જારી કરી. ગુજરાત સરકારે પણ રૂ. ૧૫૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું. રાજ્ય સરકારનો ઈમાનદારીપૂર્વકનો પરિશ્રમ અને પ્રત્યેક ગુજરાતીની દિલેરીનો અદભુત સમન્વય આકાશી આફતના મુકાબલા વેળા જોવા મળ્યો.



હમણાં શાકભાજીની લારી ઉપર મારકેટમાં એક ભાઈને કહેતાં સાંભળ્યાં કે, 'બનાસકાંઠામાં લોકોને બહુ તકલીફ પડી. કોઈ સંકલન જ દેખાયું નહીં. સરકાર શું કરે છે ? એ જ ખબર નથી પડતી. લોકો બદતર સ્થિતિમાં છે. સરકારમાં બેઠેલા લોકોમાં સમજ જ નથી પડતી. ' ત્યારે એમની બાજુમાં શાકભાજી લઈ રહેલા એક બીજા ભાઈએ તેમના ખભે હાથ મૂકીને કહ્યું, 'મિત્ર, તમે બનાસકાંઠા કે પાટણ અસરગ્રસ્તોને ફૂડ પેકેટ આપવા કે પછી પાણીમાં ફસાયેલા લોકોને બચાવવા પહોંચી ગયા હશો નહીં ? ' ત્યારે પેલા ભાઈએ એમની સામુ જોઈને હસતાં હસતાં કહ્યું, 'નારે ભાઈ, હું તો મારા કામમાંથી જ ઊંચો નહોતો આવતો અને આ કામ તો સરકારે જોવાનું છે. આપણે ક્યાં પહોંચી વળીએ ? ' ટીકા કરતાં અને નકારાત્મક વાતોથી આત્મસંતોષ મેળવતા બે પાંચ ટકા આવા લોકોને જોઈને એમ થાય કે

> હું ગુજરાતી, તું ગુજરાતી, આપણ સૌનુ તળ ગુજરાતી રગ રગમા વહેતા રક્તકણોમાં ધમકે છે, તે બળ ગુજરાતી સાચ્ચે સાચુ કહી દે સામે, કડવો પણ મીઠો ગુજરાતી પ્રેમ કરે તો જીવતર દઈ દે, જીદે ચડે તીખો ગુજરાતી.
>
> - ડો. કનૈયાલાલ ભટ્ટ




આવી માનસિકતાથી જ માણસ પોતાની જાતે જ દુ:ખી થતો હોય છે અને બીજાને પણ દુ:ખી કરતો હોય છે.

એક શાળામાં બનેલી ઘટના યાદ આવી ગઈ. શિક્ષકે વિદ્યાર્થીઓને કહ્યું કે, 'આજે તમારી પરીક્ષા લેવી છે. ' આખો ક્લાસ એક મિનિટમાં સ્તબ્ધ થઈ ગયો કારણ કે, કોઈ પૂર્વસૂચના વગર ટીચરે પરીક્ષા લેવાની જાહેરાત કરી. શિક્ષકે દરેક વિદ્યાર્થીઓને પ્રશ્નપત્ર આપ્યું. પ્રશ્નપત્ર જોઈને વિદ્યાર્થીઓ ડઘાઈ ગયા. પ્રશ્નપત્ર સ્વરૂપે એક કોરું કાગળ હતું અને એ કોરા કાગળની બિલકુલ મધ્યમાં એક નાનકડું ભૂરું ટપકું હતું. શિક્ષકે કહ્યું તમારો પ્રશ્ન એ છે કે, 'તમને આપેલા કાગળનું નિરિક્ષણ કરી તેની ઉપર તમારે વિવરણ કરવાનું છે. ' પહેલાં તો વિદ્યાર્થીઓ ખૂબ અસમંજસભરી સ્થિતિમાં રહ્યા પણ ૧૦ મિનિટની સમય મર્યાદામાં ટીચરે આપેલું ટાસ્ક પૂરું કરવાનું હતું.

સમય પૂરો થતાં શિક્ષકે પ્રશ્નપત્ર પાછું લઈ લીધું અને વિદ્યાર્થીઓના ઉત્તરો લેવાનું શરૂ કર્યું કેટલાક વિદ્યાર્થિઓએ કહ્યું, કોરા કાગળની વચ્ચે એક ટપકું છે. કેટલાકે કહ્યું વચમાં એક ભૂરું ટપકું છે, થોડાએ કહ્યું કે, ઉપરની બાજુ ભૂરું ટપકું છે તો વળી થોડાએ કહ્યું ડાબી બાજું ભૂરું ટપકું છે.

શિક્ષકે વિદ્યાર્થીઓને કહ્યું કે, 'આ તમારી પરીક્ષા ન હતી હકીકતમાં તો આ એક તમારા જીવનમાં ઉપયોગી એવી મહત્વપૂર્ણ બાબતની જાણકારી છે. તમે બધાએ સરસ મજાના કોરા કાગળ ઉપર એક ભૂરા ટપકાંને જોયું અને આખા સરસ મજાના સફેદ કાગળને છોડીને એ ભૂરા ટપકાંની આજુબાજું તમારું ધ્યાન કેન્દ્રિત કર્યું. આપણાં જીવનમાં પણ આવું જ બનતું હોય છે. અનેક સારા કામો સુખના અવસરો, અદભુત પ્રગતિની વાતોથી જીવન ભરેલું હોય છે પરંતુ, ક્યાંક કોઈક, ક્યારેક પડેલી મુશ્કેલી, ક્યાંક થયેલી કોઈક ભૂલ કે પછી કામમાં રહી ગયેલી ઊણપ જોઈને એનું જ વર્ણન થતું હોય છે. પરિણામે જે ખરેખર સારી વાત ઉજાગર થવી જોઈએ એને અન્યાય થઈ જતો હોય છે.

બનાસકાંઠા અને પાટણમાં પણ ભારતીય લશ્કર, એનડીઆરએફ, એરફોર્સ, બીએસએફ, એસડીઆરએફે હજારો લોકોને બચાવ્યા. તાત્કાલિક પ્રધાનમંત્રી ગુજરાત આવ્યા અને અસરગ્રસ્તોને આર્થિક સહાયની જાહેરાત કરી. મુખ્યમંત્રી બેહાલ બનાસકાંઠાને બેઠું કરવા લાગલગાટ પાંચ દિવસ અસરગ્રસ્તો વચ્ચે રહ્યાં. હાજરો લાખો ટન ગંદકી અને કાદવ ગણતરીના દિવસોમાં દૂર થયા. તબીબી ટુકડીઓએ ઘરે ઘરે ફરીને આરોગ્ય વિષયક સર્વે કર્યો. વિજળી અને ટેલિફોનનો વ્યહાર ગણતરીના કલાકમાં પુન: સ્થાપિત કરી દેવાયો. બેન્કીંગ સેવાઓ પણ ગણતરીના દિવસોમાં શરૂ થઈ ગઈ. કેશડોલ ઉચ્ચક સહાય, ઘાસ વિતરણ, કૃષિ સર્વેક્ષણ વગેરે યુદ્ધના ધોરણે ચાલુ થઈ ગયા. આ બધી જ બાબતો વચ્ચે સરકારની સાથે રહીને સ્વૈચ્છિક સંસ્થાઓ, મુઠ્ઠી ઊંચેરા માનવીઓએ પણ સુંદર કામગીરી કરી. માનવતાની મહેક પ્રસરી. આ બધી વાત જે ખરેખર પ્રત્યેક ગુજરાતીના માથાને ગૌરવભેર ઉન્નત કરી શકે. પ્રત્યેક ગુજરાતી બાંધવની છાતી ગજગજ ફૂલી શકે એવી વાત દેશ અને દુનિયામાં ચર્ચાઈ છે.

અતિવૃષ્ટિ, સ્વાઈન ફ્લ્યુ કે પછી અન્ય કોઈ કુદરતી કે માનવ સર્જીત આફતો વખતે સરકાર સરકારની રીતે પરિશ્રમ તો કરે જ છે. આવા સમયે એક ગરવા ગુજરાતી તરીકે આપણો દ્રષ્ટીકોણ પણ અગત્યનો છે. આ તબક્કે થોડીક એવી વાત પણ યાદ આવે કે, એક ગુજરાતી તરીકે વટથી ગર્વ થાય એવા કેટલાક મુદ્દા માનસપટ રહેવા જોઈએ અને દેશ અને દુનિયા સામે આન, બાન અને શાનથી એ મુદ્દા ચર્ચવા પણ જોઈએ.

દેશની કુલ વસતિના પાંચ ટકા ગુજરાતી બાંધવો છે. અને વિસ્તારની રીતે જોતા દેશની કુલ જમીનના છ ટકા હિસ્સો ગુજરાત પ્રદેશનો છે. ભારતના સ્ટોકએક્ષચેન્જનો ૩૦ થી ૩૨ ટકા હિસ્સો ગુજરાતીઓ પાસે છે. તમને ખબર છે વિશ્વનું સૌથી પહેલું 'પ્યોર વેજ સબ-વે' અને 'ડોમીનોઝ' ગુજરાતમાં ખુલ્યું હતું. વિશ્વના ૮૦ ટકા હિરા ગુજરાતના સુરતમાં પોલીશ થાય છે. દુનિયાનું સૌથી પહેલુ 'વેજ પીઝાહટ' અમદાવાદમાં ખૂલ્યું હતું. ગુજરાતના પ્રત્યેક ગામમાં વીજળી છે. ભારતના કુલ મીઠાના ઉત્પાદનમાં ૭૮ ટકા જેટલુ મીઠું ગુજરાત પકવે છે. હિન્દુસ્તાનમાં સૌથી વધુ રૂ ગુજરાતમાં ઉત્પાદન થાય છે. દેશમાં ૨૦ ટકા ઉપરાંત ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટ ગુજરાતનું છે. રાષ્ટ્રમાં થતાં મીનરલ પ્રોડક્શનના ૯ ટકા પ્રોડક્શન ગુજરાતમાં થાય છે. દેશમાં ૨૨ ટકા એક્ષપોર્ટ ગુજરાત કરે છે. દેશના કુલ ટેક્ષટાઈલ પ્રોડકશનમાં ૨૪ ટકા જેટલુ ઉત્પાદન ગુજરાત કરે છે. ૩૫ ટકા ફાર્મા પ્રોડક્ટ, ૫૧ ટકા પેટ્રોકેમિકલનુ પ્રોડકશન ગુજરાતમાં થાય છે. ગુજરાતમાં ૧૭ નાના મોટા એરપોર્ટ છે. ભારતના કોઈપણ રાજ્યની તુલનામાં સૌથી વધુ શાકાહારી લોકો ગુજરાતમાં છે.

ગુજરાત સૌથી સલામત રાજ્ય છે. ગુજરાતનો ક્રાઈમરેટ માત્ર ૮.૨ ટકાની આસપાસ રહે છે. ધ નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ ઈકોનોમિક્સ રિસર્ચના અહેવાલ અનુસાર બેંગલોર અને મદ્રાસ પછી સુરત ભારતનું સૌથી અમીર શહેર છે. ગુજરાતની જીડીપી છેલ્લા દોઢ-પોણા બે દાયકાથી લગાતાર ૧૨ ટકાથી વધુ છે, જે ભારત અને ચીનની જીડીપી કરતાં પણ વધારે છે. મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, ધીરૂભાઈ અંબાણી, નરેન્દ્રભાઈ મોદી જેવા માનવ રત્નો ગુજરાતે દેશને આપ્યા છે.

એવરેજ ગ્રોથ રેટમાં ગુજરાત અવ્વલ છે. વર્કરદીઠ ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટમાં ગુજરાત અગ્રહરોળમાં છે. મગફળી અને કપાસના ઉત્પાદનમાં ગુજરાત નંબર વન છે. જીરૂ અને મસાલામાં ગુજરાત સર્વપ્રથમ છે. રોજગાર કેન્દ્રોમાં પ્લેસમેન્ટમાં ગુજરાત દેશમાં અગ્રેસર છે. આવા તો ૩૮ એવા ઈન્ડિકેટર્સ છે કે જેમાં ગુજરાત દેશમાં ટોપ થ્રી સ્ટેટમાં આવે છે. આવી તો અનેક બાબતો છે જેમાં ગુજરાતી બંધુ ગૌરવ લઈ શકે. અને ઉન્નત મસ્તકે દુનિયાભરમાં ગુજરાતની ગૌરવગાથા ગાઈ શકે. એવી જ વાતો કેમ કરીએ કે, ગુજરાતી તરીકે આપણું માથું શરમથી ઝૂકે ? આપણે ગુજરાતની પ્રગતીની સારી વાતો છે એને ઉજાગર કેમ ન કરી શકીએ ? આપણે પેલા કોરા કાગળમાં દેખાતાં એક નાનાકડાં બિંદુની ઉપર કોન્સન્ટ્રેટ કરવાની જગ્યાએ એ બિંદુની બહારની સરસ વાત દુનિયાને કેમ ન બતાવી શકીએ? યારો છાતી ફુલાવીને ગર્વથી કહો, હા હું ગુજરાતી છું મને ગર્વ છે કે આ ગરવા ગુજરાતનો હું નાગરિક છું. મને પ્યારું મારું ગુજરાત... મને વ્હાલા મારા ગુજરાતી બાંધવો... નર્મદની પેલી ગૌરવપૂર્ણ રચના મોજથી લલકારો યારો... 'જય જય ગરવી ગુજરાત... ' અને પછી ઉમેરો પણ ખરા કે, ' જ્યાં સદા દિસે અરૂણું પ્રભાત... '

**ધબકાર**

વિચારો સકારાત્મક હોય તો દુ:ખ, મુશ્કેલી, અવરોધોના બદલે ખુશી, સફળતા અને સુંદરતાનો સમન્વય શણગાર સજે છે.